વર્ષ : ૬ અંક : ૩ ડિસેમ્બર–૨૦૨૩

# પલાશ



## શ્રી ઝવેરચંદ મેઘાણી
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

# : ડાયટની પ્રવૃત્તિઓ :


'સા વિદ્યા યા વિમુક્તયે'
'' કેળવણીનો પથ '' નું નામકરણ અને લોકાર્પણ
માન. શ્રી જગદીશભાઈ મકવાણા




જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર અને
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર
પ્રેરિત
બી.આર.સી. ભવન, મુળી










THE SMART SCHOOL
TIDANA

વર્ષ : ૬

# પલાશ

અંક : ૩

**અધ્યક્ષ** : ડૉ. સી.ટી. ટૂંડિયા
**તંત્રી** : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
**સહતંત્રી** : ડૉ. રાજેનકુમાર પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઇ યુ. દંગી
ડૉ. મનીષભાઇ એન. પંડ્યા
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
ડૉ. પીયૂષભાઇ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઇ કે. ગોસાઇ

**સંપાદક મંડળ**

શ્રી ચંદ્રકાંતભાઇ વ્યાસ
ડૉ. કેતનભાઇ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઇ વાઘેલા
શ્રી હિતેશભાઇ ઠાકર
શ્રી જાતુશભાઇ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
ડૉ. નીતિનભાઇ પંચાલ
શ્રી ધનજીભાઇ વાલેરા
શ્રી મુકેશભાઇ બદ્રેશિયા
શ્રી પુનાભાઇ વકાતર

## અધ્યક્ષીય...

### ત્રિમંત્ર : વાચવું, વિચારવું અને વિસવું

ગુરૂજનો, પ્રણામ...

શિક્ષકે વર્ગખંડમાં અધ્યયન-અધ્યાપન દરમિયાન વિવિધ અનુભવો પૂરા પાડવાના હોય છે. જે માટે જે તે વિષયવસ્તુનું સંદર્ભ સાહિત્ય આપણી પાસે હોવું જોઇએ. હા, કદાચ આપણી પાસે ના હોય તો ટેમનોલોજીના યુગમાં એ અશક્ય પણ નથી.

વિદ્યાર્થીઓ વિવિધ પ્રશ્નો, મૂંઝવણ અને શીખવાના ઉત્સાહ સાથે શાળામાં આવે છે. માહિતીનું મશીનગન નથી આપવું, માનસિક ભારને હળવો કરવો છે. વર્ગખંડને પ્રજ્ઞા દ્વારા ભરવા માટે સંદર્ભ વાંચનનો દરિયો ઉલ્લેચવો જ રહ્યો.

શિક્ષક પાસે આજે સંદર્ભ વાચન સાહિત્ય ઓછું જોવા મળે છે. જેટલું વાચન વધુ, તેટલું શબ્દ સમૃદ્ધિ વધશે. જેમાં કોમ્પ્યૂટરમાં ડેટા નાંખીએ તેટલા જ આપણે મેળવી શકીએ છીએ, તેવું જ મગજ માટે પણ.

આપણે પુસ્તક વાચન માટે ટેવ પાડવી જ રહી. જે પણ એક યોગ, સાધના અને રિયાજ છે. જે મનની પ્રસન્નતા અને શાંતિ આપે છે. અને અનેકાનેક વિચાર.

ચાલો... આપણે સૌ વાચન ટેવ વિકસાવીએ.

**પત્રવ્યવહાર - સંપર્ક**

**ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦**
**મોબાઇલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭**

E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendrangar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.**

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | નવમો જિલ્લા ઇનોવેશન ફેસ્ટિવલ : 2023-24 | 03 |
| 2 | પુસ્તકાલયનું પંચામૃત | 05 |
| 3 | કેળવણીનો પંથ, પ્રકૃતિ શિબિર, સંકલન બેઠક | 09 |
| 4 | દિન વિશેષ : બંધારણ દિવસે-૨૬ નવેમ્બર | 11 |
| 5 | સમતોલ આહાર સ્વસ્થ બાળક | 13 |
| 6 | ચંદ્રકાંત - સૌનો પ્યારો 'પ્રેમની પરબ'નો જલગરિયો | 15 |


## લેખકો માટે

- પલાશ માટેના લેખ શ્રૃતિ ફૉન્ટ, સાઇઝ ૧૨ માં કોમ્પ્યૂટરાઇઝ્ડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ-મેઇલ એડ્રેસ પર મોકલવા અને ભાવ-પ્રતિભાવો પણ ઉપરના ઇ-મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્ત ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેના માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઇએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહી.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. એ અંગેનો વિશેષ પત્ર વ્યવહાર કરવો નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતાં વિચાર-વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહીં.

## નવમો જિલ્લા ઇનોવેશન ફેસ્ટિવલ : 2023-24

માઁ અંબાના નવલા નોરતામાં બીજા દિવસે જિલ્લા ઇનોવેશન ફેસ્ટિવલ 2023-24 ખુલ્લો મૂકવામાં આવ્યો. તારીખ 16/10/2023 થી તારીખ 18/10/2023 ના ત્રણ દિવસ દરમિયાન જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટિવલમાં 41 જેટલા સ્ટોલ ઊભા કરી 38 ઇનોવેટીવ શિક્ષકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

જેમાંથી ત્રણ શિક્ષણની દીવાદાંડી સમાન લાઇટ હાઉસ સ્કૂલોના સ્ટોલ પણ હતા.

આ વખતે ઇનોવેશન ફેસ્ટિવલમાં દરેક તાલુકામાંથી પસંદગી પામીને જિલ્લામાં આવેલ ઇનોવેટીવ ટીચરોએ આકાર્ષક અને નાવીન્યપૂર્ણ વિચારો દ્વારા સૌને નવીનતમ ભાથું આપ્યું હતું. મુલાકાતી શિક્ષકોને પણ પોતાના વર્ગખંડ કે વિષયમાં નવાચાર કરવાનું સરળ માર્ગદર્શન પુરું પાડનાર આ જિલ્લા ઇનોવેશન ફેસ્ટિવલ ખૂબ ઉપયોગી રહ્યો હતો.

મુળી તાલુકાના જસાપર ગામની હાઇસ્કૂલના મેદાનમાં તા. 16/10/2023 ના રોજ માનનીય જિલ્લા શિક્ષણાધિકારીશ્રી બારોટ સાહેબ, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્યશ્રી ડૉ. સી.ટી.ટૂંડિયા સાહેબ, મુળી તાલુકાના ટી.પી.ઓ. શ્રી દેવથળા સાહેબ, સાયલા તાલુકાના ટી.પી.ઓ. શ્રી પાંચાણી સાહેબ, કેળવણી નિરીક્ષકશ્રી જીડીયા સાહેબ, મુળી તાલુકાના બી.આર.સી. કો. ચિરાગભાઇ લખતરિયા સાહેબ, ડાયેટ લેક્ચરર અને જિલ્લા ઇનોવેશન ફેસ્ટિવલના કન્વીનર ડૉ. કોમલબેન પંડ્યા, લેક્ચરર વિમલભાઇ દંગી, જસાપર કેળવણી મંડળના ટ્રસ્ટીશ્રીઓ તથા જસાપર ગામના સરપંચશ્રી... એ તમામ મહેમાનોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટ્ય કરી માઁ સરસ્વતીની સાક્ષીએ ખુલ્લો મૂકવામાં આવ્યો. આ તકે ઇનોવેટીવ શિક્ષકોના ઇનોવેશન તાલુકા કક્ષાએ પસંદગી પામી જિલ્લામાં આવ્યા છે, એમના ઇનોવેશનની પુસ્તિકા નવોત્થાનનું પણ વિમોચન કરવામાં આવ્યું.

ત્રણ દિવસ દરમિયાન દસેય તાલુકાના પ્રાથમિક, માધ્યમિક શિક્ષકો, બી.એડ્.કોલેજ અને પી.ટી.સી. કોલેજના તાલીમાર્થીઓ, સ્થાનિક વિદ્યાર્થીઓ અને વાલીશ્રીઓએ પણ રસપૂર્વક ઇનોવેશન સ્ટોલની મુલાકાત લીધી અને નવું જ્ઞાન પ્રાપ્ત કર્યું.

આ દિવસો દરમિયાન ધ્રાંગધ્રા, ચોટીલા અને વઢવાણ બી.આર.સી. કોર્ડીનેટરશ્રીઓની હાજરી પણ પ્રેરણાદાયી રહી...

આ વખતના ઇનોવેશન ફેસ્ટિવલમાં

એક નવીનતા એ પણ હતી કે બપોરના સેશનમાં વાર્તાલાપ કરવા માટે પ્રથમ દિવસે ઇનોવેશન વિચારોનું આદાન-પ્રદાન કરવા માટે ટીડાણા પ્રાથમિક શાળાના આચાર્ય અને શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિજેતા શ્રી મહિપાલસિંહ જેતાવતને બોલાવ્યા હતા. તેમણે ડગલે ડગલે ઇનોવેશનની વાત કરી. પોતાની શાળાના ઢગલાબંધ અનુભવો શેર કર્યા.

બીજા દિવસના બપોરના વાર્તાલાપમાં એવોર્ડ પણ જેમની પાસે જઇને ઉજળો થાય એવા પ્રેમની પરબના ડાયરેક્ટર શ્રી ચંદ્રકાંતભાઇ વ્યાસ સાહેબ પોતાના 71 વર્ષના અનુભવોનો નિચોડ રજુ કર્યો. શિક્ષકોનું જીવન કવન, ઇનોવેટિવ ટીચર કેવો હોવો જોઇએ, ગુરૂપદની ગરિમા વગેરે રસપ્રદ વાતો કરી નવી પ્રેરણા અને દિશા આપી.

નવનિયુક્ત શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી નાથાભાઇ સંઘાણી અને કૃષિ ચેરમેનશ્રીની હાજરી પણ પ્રેરણાદાયી રહી. ચેરમેનશ્રીએ પોતાના પ્રાથમિક શિક્ષકનું શબ્દોથી ઋણ અદા કર્યું ત્યારે તાળીઓના ગડગડાટથી વાતાવરણ ભાવથી ભિંજાયું હતું.

બીજા દિવસે રાત્રે શિક્ષક સંગીત કલાગૃપ દ્વારા યોજાયેલા 'અંબા આરાધના' લોક ડાયરામાં શ્રી ભગવતદાન ગઢવી, શ્રી રાજુભાઇ સાવલિયા, શ્રી અંબારામ દુમાદિયા, ડૉ. સી.ટી.ટૂંડિયા સાહેબ અને મુંધવા સાહેબે ડાયરાની રમઝટ બોલાવી હતી. જે સાંભળી સૌ કોઇ પાવન થયા.

આ ઇનોવેશન ફેસ્ટિવલમાં નિવાસ વ્યવસ્થા, સવારનો નાસ્તો, બપોરનો જમણવાર, રાત્રિની ભોજન વ્યવસ્થા, પાર્કિંગ વ્યવસ્થા, આ તમામ સુવિધા સાચવવા બદલ ટીમ બી.આર.સી. મુળી અને તેની ટીમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા પડે. તેમની વંદના કરીએ એટલી ઓછી પડે.

સ્નેહાળ અને નિર્મળ સ્વભાવના ડૉ. કોમલબેન પંડ્યાના માર્ગદર્શન નીચે ત્રણ દિવસનું આખું આયોજન નયન રમ્ય અને હૃદય ગમ્ય રહ્યું દરેક મુલાકાતી ગુરૂઓને જ્ઞાન તેમજ સમજનું ઉમદા ભાથું મળ્યાનો સંતોષ તથા આનંદ એમના ચહેરા ઉપર સ્પષ્ટ છલકતો હતો.

સૌના સહકારથી આ ઇનોવેશન ફેસ્ટિવલ સફળ અને સફળ રહ્યાનો અનહદ આનંદ છે.

**સંકલન : ભરત દેવૈયા**
**રૂપાળીબા તથા કરણસિંહની પે સે. શાળા નં. ૧,**
**લખતર.**

# પુસ્તકાલયનું પંચામૃત

**- સી. ટી. ટૂંડિયા**

કવિ કલાપીએ કહેલું કે, ''જીવીશ, બની શકે તો એકલા પુસ્તકોથી.'' દરેક શાળામાં પુસ્તકાલય તો હોવું જ જોઇએ. પરંતુ ગામમાં પણ હોવું જોઇએ. ગાંધીજી કહેતા કે, ''જેને વાંચનનો શોખ હોય તે બધી જગ્યાએ સુખી હોય છે.'' મહોલ્લામાં, શેરીઓમાં કે નગરોમાં ધાર્મિકસ્થાનો તો હોવા જ જોઇએ, પણ સાથેસાથે ગ્રંથાલયો પણ હોવા જોઇએ.

શિક્ષક તરીકે આપણે સત્યના પ્રયોગો, ઘડતર ચણતર, દિવાસ્વપ્ન, તોત્તોચાન, સમૂહજીવનનો આચાર, હિતોપદેશ, ઇશપ અને પંચતંત્રની વાર્તાઓ, સૌરાષ્ટ્રની રસધાર, અરધી સદીની વાચનયાત્રા (ભાગ ૧ થી ૫), અરધી રાત્રે આઝાદી, ભદ્રંભદ્ર, દરિયાલાલ, ઝેરતો પીધાં છે જાણીજાણી, સોક્રેટીસ, જય સોમનાથ, રાજાધિરાજ, પાટણની પ્રભુતા, પ્રવીણસાગર, સમુદ્રાંતિકે, રેવન્યુ સ્ટેમ્પ, મારી હકીકત જેવા પુસ્તકો વાંચેલા હોવા જોઇએ.

કવિતાસંગ્રહોમાં કવિશ્વર દલપતરામ રચિત 'દલપત ગ્રંથાવલી'. કવિ અમૃત ઘાયલના આઠ કવિતાસંગ્રહોનો સંગ્રહ 'આઠો જામ ખુમારી'. કવિ રમેશ પારેખની સમગ્ર કવિતાઓનો સંગ્રહ 'છ અક્ષરનું નામ', કવિ સુન્દરમ, કવિ ન્હાનાલાલ અને કવિ ઉમાશંકર જોશીની કવિતાઓ વાંચવી જોઇએ, માણવી જોઇએ. જેનો રસાસ્વાદ આપણા વર્ગખંડના બાળકોને પણ કરાવવો જોઇએ.

આત્મકથાઓ, નિબંધ, નવલકથાઓ, નવલિકાઓ ચરિત્રલેખો, લઘુકથાઓ, ઐતિહાસિક, રાષ્ટ્રની અસ્મિતાઓ અને સ્વાતંત્ર્ય સેનાનીઓની કથાઓ, વાર્તાસંગ્રહો અને કવિતાઓ આજે કેટલાં પ્રમાણમાં વંચાય છે તે પ્રાણપ્રશ્ન છે.

પુસ્તકાલયનું મહત્વ જો આપણે સમજીશું તો આ બધુ આપણને એક જ જગ્યાએ મળી રહેશે અને તે સ્થાન છે, પુસ્તકાલય. પુસ્તકાલયમાં આપને એકાંત, શાંત વાતાવરણ-ભાવાવરણ અને આપને મનગમતા પુસ્તકોનો રસથાળ મળે છે. પુસ્તકો આપના એકાંતને ભેદી દે છે, છલોછલ કરી દે છે.

પુસ્તકાલયના પિતા સ્વામી રંગનાથને પુસ્તકાલય માટે પાંચ સૂત્રો આપેલા છે. જે આ પ્રમાણે છે.

**પુસ્તક ઉપયોગ માટે છે.** (Book are for use)

પુસ્તકો એ સંસ્કૃતિનો વારસો છે. માનવસભ્યતાને ટકાવી રાખવામાં પુસ્તકોનો ફાળો અતિમહત્વનો છે. માણસે વિકાસયાત્રા કરી અનેક સિદ્ધિઓ મેળવી તે ભૂતકાળના જ્ઞાનવારસાનું પરિણામ છે. પુસ્તકોના ઉપયોગથી માણસ જ્ઞાનનો વિવિધ ક્ષેત્રોમાં સંશોધન અર્થે વિકાસ કરે છે.

**દરેક વાચકને તેનું પુસ્તક મળવું જોઇએ.** (Every

Readre his or her book.)

વાચક ભિન્નભિન્ન પ્રકારના અને ભિન્નભિન્ન રસ-રુચિ ધરાવતા હોય છે. કોઇપણ પુસ્તક બાળકોને ધ્યાનમાં રાખીને લખાય તો પુસ્તક વ્યવસાયીને ધ્યાનમાં રાખીને લખાય. કોઇપણ પુસ્તક મનોરંજનની જરૂરિયાત પોષે તો કોઇપણ માનવીની જીજ્ઞાસા કે સંશોધનવૃત્તિને પોષે. ભિન્નભિન્ન રસ-રુચિ અને વલણ ધરાવતા દરેક વાચકને પુસ્તકાલયમાંથી જોઇતું પુસ્તક મળી રહે છે.

**દરેક પુસ્તકને તેનો વાચક મળવો જોઈએ.** (Every book has its reader.)

વિશ્વમાં જે પુસ્તકો પ્રસિદ્ધ થાય છે તે દરેક પુસ્તક ચોક્કસ વાચક વર્ગને ધ્યાનમાં રાખીને લખાય છે. જેમ કે વાર્તાઓ, નવલકથાઓ ચોક્કસ વર્ગને ધ્યાનમાં રાખીને લખાય છે. રમતગમતના પુસ્તકો રમતવીરો માટે, વ્યવસાયના વ્યવસાયી લોકો માટે અને ધર્મના ધર્મપરાયણ વાચકોને ઉપયોગી બની રહે છે.

**વાચકનો સમય બચાવો.** (Save the time of the reader.)

પુસ્તકોનો જો ઉપયોગ કરાવવો હોય, દરેક વાચકને તેનું પુસ્તક મળી રહે તેમ કરવું જોઇએ અને દરેક પુસ્તકાલયનું સંચાલન એવી રીતે કરવામાં આવે કે વાચકનો સમય બચાવી શકીએ અને તેને પસંદગીનું પુસ્તક પુસ્તકાલયમાંથી મળી રહે.

**પુસ્તકાલય એ વિકસતી જતી સજીવ સંસ્થા છે.** (A library is a growing organism.)

આપને ઉપરોક્ત ચાર સૂત્રોનો અમલ યોગ્ય રીતે કરીએ તો પુસ્તકાલયમાં વાચકોની સંખ્યા વધશે, વાચકોની સંખ્યા વધશે તો પુસ્તકોની સંખ્યા પણ વધશે. પુસ્તકાલયમાં વ્યવસ્થા, સંચાલન અને વહીવટના વિકાસની જરૂરિયાત પણ ઊભી થાય. આમ, પુસ્તકાલય એ સતત વિકસતી સંસ્થા છે. વાચકના માનસિક, સામાજિક, ધાર્મિક, રાજકીય, શારીરિક અને વ્યક્તિવિકાસમાં બહૂમૂલ્ય ફાળો રહે છે.

પુસ્તકાલય અને વાંચનની પ્રવૃત્તિઓ વિકસે તે માટે બહું પ્રયત્નો અને પ્રયોગો થયા છે. જેમાં સરકારશ્રી, સામાજિક સંસ્થાઓ અને વ્યક્તિગત રીતે પણ સંનિષ્ઠ પ્રયત્નો થયા છે.

જેમ કે -

તરતું પુસ્તક : માનનીયશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ દ્વારા ગુજરાતમાં જે તે વખતે મુખ્યમંત્રીશ્રી તરીકે હતા ત્યારે તેઓશ્રી દ્વારા ''વાંચે ગુજરાત'' અભિયાન પ્રયોગ કરવામાં આવેલો, સફળ પણ રહેલો. જેમાં એક પુસ્તક તમારે અન્યને વાંચવા આપવાનું. જે બીજાને... આમ ક્રમશઃ પુસ્તક વંચાતું રહે.

**પુસ્તક પરબ :** ગુજરાતમાં અનેક સંસ્થાઓ સામાજિક પ્રવૃત્તિઓના ભાગ અંતર્ગત આવી પ્રવૃત્તિઓ કરે છે. જેમાં નિઃશુલ્ક પુસ્તક વાંચવા માટે આપવામાં આવે છે. આનંદાલય દ્વારા

આવી પ્રવૃત્તિઓ વિશેષ રીતે કરવામાં આવે છે.

**પુસ્તક પ્રદર્શન - પુસ્તકમેળો :** સમાજમાં વાંચન પ્રવૃત્તિઓ વિકસે તે માટે વિવિધ સંસ્થાઓ અને પ્રકાશકો પુસ્તક પ્રદર્શનો અને પુસ્તક મેળા યોજતી હોય છે. પુસ્તક પ્રદર્શનોમાં પુસ્તક વેચાય છે. તેટલાં વંચાય છે કે કેમ તે મોટો પ્રાણપ્રશ્ન છે.

**પુસ્તકયાત્રા :** આનંદાયલ કરીને સંસ્થા છે જે આપને નિઃશુલ્ક પુસ્તક મોકલે છે. જે તમારે વાંચીને બીજાને ભેટ આપવાનું હોય છે. પુસ્તકયાત્રા એ વિચારયાત્રા બની રહે છે. આવા પ્રયોગો વિશાળ પ્રમાણમાં થવા જોઇએ. સામાજિક સંસ્થાઓએ પોતાના ભવનમાં પુસ્તકાલયો પણ બનાવવા જોઇએ.

**Bookey નહી Book :** સમારંભોમાં બહું મોંઘા Bookey આપવામાં આવે છે. જે પછી જે તે ટેબલ પર જ રહી જાય છે. જેના બદલે Book આપવામાં આવે તો સાંપ્રત સમયમાં વાચન પ્રવૃત્તિ વિકસશે.

**E-Libary :** આધુનિક યુગની સાથે કદમ મિલાવવા માટે સંસ્થાઓમાં E-Libary પણ ઊભી કરવી પડશે. જેમાં કોમ્પ્યુટર, kios સ્ટેન્ડ, પ્રિન્ટર હોવા જોઇએ. જેમાં Wi-Fi ની સુવિધાઓ હોય. વિદ્યાર્થીએ જે શોધવું છે તેના માટેની માર્ગદર્શિકા પણ હોવી આવશ્યક છે. વિશ્વ હવે endroid અને લેપટોપની સાથે ચાલે છે ત્યારે નવા સંકલ્પો સાથે આગળ વધવું પડશે.

**પુસ્તકાલય અને મૂલ્યો :** પુસ્તકાલય અને મૂલ્યો પરસ્પર જોડાયેલા છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં આ બાબતે વિચાર પ્રસ્તુત કરાયેલો છે. રાષ્ટ્રીયતા, સ્વાધીનતા. સ્વાતંત્ર્યવીરો અને દેશના રાજકીય મહાનુભાવો એ પ્રગટાવેલી દેશાભિમાનની ચિનગારી ભાવી જગતને માર્ગદર્શિત કરે છે.

સાંપ્રતકાળમાં જ્ઞાતિવાદ, જાતિવાદ, સગાવાદ, પ્રાંતવાદ જેવી બાબતો ચરમસીમાએ પહોંચી છે ત્યારે દેશમાં ભાવાત્મક એકતા અને અખંડિતતા, વફાદારી, પ્રામાણિકતાને ઉજાગર કરવા માટે પુસ્તકાલય એ દીવાદાંડી સમાન બની રહે તેમ છે. પુસ્તકાલય એ જ્ઞાનનું મંદિર છે.

**પુસ્તકાલયનું પંચામૃત :**

૧. પુસ્તકાલય એ જ્ઞાનનું મંદિર છે.

૨. પુસ્તકાલયમાં તમામ પ્રકારની શૈલીઓના પુસ્તકોનો વિશાળ સંગ્રહ છે, જે વાચકોની રસ-રુચિને પોષે છે.

૩. પુસ્તકાલય બાળકોને પુસ્તકો પ્રત્યે પ્રેમ વિકસાવવામાં મદદ કરે છે અને પુસ્તકાલયની નીરવ શાંતિ વિદ્યાર્થીઓની એકાગ્રતામાં સુધારો કરે છે.

૪. વિદ્યાર્થીઓ ઉધાર લઇ શકે છે અને ઘરેથી પુસ્તકો લઇ શકે છે અને વાંચન પુરું કર્યા પછી તેને પરત કરી શકે છે.

૫. પુસ્તકાલય ભાવિ લેખકો-કવિઓ માટે ઉત્તમ પ્રારંભિક બિંદુ છે.

**ગુજરાતમાં આવેલા ગ્રંથાલયો :**

હંસાબહેન મહેતા ગ્રંથાલય, વડોદરા
જયસિંહરાવ ગ્રંથાલય, વડોદરા
એન્ડ્રુઝ લાઇબ્રેરી, સુરત
હડાણા ગ્રંથાલય, હડાણા
હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર, પાટણ
એમ. જે. લાઇબ્રેરી, અમદાવાદ
સેન્ટ્રલ લાઇબ્રેરી, વડોદરા
બાર્ટન લાઇબ્રેરી, ભાવનગર
ડાહી લક્ષ્મી ગ્રંથાલય નડિયાદ
લેડી કીકાબાઈ પ્રેમચંદ લાઇબ્રેરી, સુરત
ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ
બ્રિટીશ લાઇબ્રેરી, અમદાવાદ
લા.દ.ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ
ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ
પ્રાચ્ય વિદ્યાલય મંદિર, વડોદરા
શ્રી મુક્તિકમલ મોહન જ્ઞાનભંડાળ, વડોદરા
શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર, કોબા
ગુજરાતી ભાષાભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત
જૈન આનંદ પુસ્તકાલય ગંથભંડાળ, સુરત
ઇન્ડોલોજીકલ રીચર્સ ઇન્ડન્સ્ટીટ્યુટ, શારદાપીઠ
વિમલગચ્છ જૈનગંથભંડાર, પાટણ
મુક્તાબાઈ જૈન જ્ઞાનમંદિર, ડભોઈ
મેહરજી પુસ્તકાલય, નવસારી
પીટીટ સાર્વજનિક પુસ્તકાલય, બીલીમોરા
બેંગ લાઇબ્રેરી, રાજકોટ
લખધીરસિંહજી લાઇબ્રેરી, રાજકોટ
ભગવતસિંહજી લાઇબ્રેરી, ગોંડલ
તખ્તસિંહજી લાઇબ્રેરી, બોટાદ
શ્રી આત્મારામજી જૈનફ્રી લાઇબ્રેરી, ભાવનગર
કાવસજી ગઝદર પુસ્તકાલય, ગણદેવી
વોકનેર લાઇબ્રેરી, અમરેલી

પુસ્તકાલય એ જ્ઞાનમંદિર છે. જ્યાં અહર્નિશ આનંદ પ્રાપ્ત થાય છે. પુસ્તકાલય એ ધ્યાનમંદિર છે, જ્યાં સમાધિવસ્તાની અનુભૂતિ થાય છે. શૈક્ષણિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ અને ધાર્મિક સંસ્થાઓમાં ગ્રંથાલયો હશે તો મને લાગે છે કે જ્ઞાનસાધના માટે એક અવિશ્વસનીય કામ થશે.

શ્રીરામકૃષ્ણ આશ્રમ - રાજકોટના પ્રવેશદ્વારે જ પુસ્તકાલય છે. સુરેન્દ્રનગર જિલ્લાની લખતર પ્રાથમિક શાળામાં પુસ્તકપ્રેમી ભરતભાઇ દેવૈયાએ ‘ધર્મગંજ પુસ્તકાલય’ બનાવ્યું છે. લખતર તાલુકાના ઘણાદ ગામના કાનજીબાપા ગામમાં પુસ્તકાલયની પ્રવૃત્તિઓ ચલાવતા હતા અને ત્રણ હજાર જેટલાં પુસ્તકો હતા.

ટૂંકમાં ગ્રંથાલય યજ્ઞ થવો જોઇએ અને જ્ઞાનના સમિધ હોમવા જોઇએ.

**।। તસ્મે પુસ્તકાલયે નમઃ ।।**

**પ્રાચાર્ય,**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,**
**સુરેન્દ્રનગર.**
**ગતિશીલ : ૯૮૨૪૮ ૨૫૫૬૧**

## ડાયેટ-સુરેન્દ્રનગરના મારગનું નામ ''કેળવણીનો પંથ''

પૂર્વ રાષ્ટ્રપતિ અને શિક્ષક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જન્મજયંતીને સમગ્ર રાષ્ટ્રમાં 'શિક્ષક દિન' તરીકે ઉજવવામાં આવે છે. જે નિમિત્તે સુરેન્દ્રનગર-દૂધરેજ-વઢવાણ નગરપાલિકા-સુરેન્દ્રનગર દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગરના મારગનું નામ ''કેળવણીનો પંથ'' તરીકે ઉદ્દઘોષિત કરવામાં આવ્યું. જેનું તકતી અનાવરણ વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને વઢવાણ વિસ્તારના ધારાસભ્યશ્રી જગદીશભાઇ મકવાણાના વરદ હસ્તે કરવામાં આવ્યું. સુરેન્દ્રનગર નગરપાલિકાના પ્રમુખશ્રી વીરેન્દ્રભાઇ આચાર્ય, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી નરેન્દ્રભાઇ મુંજપરા, ડાયેટના પ્રચાર્ય ડૉ. સી. ટી. ટૂંડિયા, DEO કે. એન. બારોટ, DPEO બી.સી.પરમાર, નગરપાલિકાના સભ્ય હરેશ જાદવ, TPEO રથવીજી અને જિલ્લા સંઘના હોદ્દેદારો ઉપસ્થિત રહેલ હતા.

### : પ્રકૃતિ શિબિર :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા તા. 05/10/2023ના રોજ બાંડીયાબેલી માંડવવન ખાતે ઈકો ક્લબમાં શ્રેષ્ઠ કામગીરી કરતી જિલ્લાની 50 શાળાના શિક્ષકોને પ્રકૃતિ શિબિર અંતર્ગત એક્સપોઝર વિઝીટ કરવામાં આવેલ.

ઉપરોક્ત શિબિરમાં તમામ શિક્ષકોએ પ્રકૃતિનો અનુભવ-અનુભૂતિ કરી. આપના દ્વારા માંડવવનમાં થતી વનસંવર્ધન-વન સંરક્ષણ અને પ્રકૃતિ જાળવણી અંગેની પ્રવૃતિઓ તેમજ વન્ય પ્રાણીઓ વિશેની ઊંડી સમજ તમામને પ્રાપ્ત થયેલ. ઉપરાંત તમામને શુભેચ્છારૂપે એક છોડ વૃક્ષ ઉછેર માટે ભેટ આપવામાં આવેલ. જેના પરિણામે 50 શિક્ષકોમાં અને તેમના માધ્યમથી 50 શાળાના બાળકોમાં આપની પ્રવૃત્તિઓ તેમજ પ્રકૃતિ પ્રત્યેનો હકારાત્મક અભિગમ પહોંચશે.

આ શિબિરમાં RFO- ફોરેસ્ટ ઓફિસર તથા તેમના સ્ટાફ તરફથી અને BRC-થાન અત્રેની કચેરીને અમૂલ્ય સાથ-સહકાર-માહિતી સાંપડ્યા છે. સમગ્ર શિબિરનું સંકલન વિમલ યુ. દંગી દ્વારા કરવામાં આવેલ.

### : સંકલન બેઠક :

ડાયેટ ખાતે તા. 21/10/2023 અને 30/10/2023 બે સંકલન બેઠક યોજાયેલ. જેમાં થયેલ તાલીમોની રજૂઆત અને સમીક્ષા કરવામાં આવેલ. તેમજ SEAS Survey નું અયોજન-અમલીકરણનું સંકલન કરવામાં આવેલ.

- **કાર્યક્રમ સલાહકાર સમિતિ (PAC) બેઠક :**
- તા.01/12/23 ના રોજ કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે થયેલ. જેમાં બે મુખ્ય એજન્ડા પ્રાચાર્યશ્રીએ રજૂ કરેલથી નવેમ્બર 2023 એપ્રિલ થી 2023 સુધીના થયેલ પ્રોગ્રામની રજૂઆત અને 2024 વર્ષ 25 ના બજેટની મંજૂરી અર્થે રજૂઆત.

- જેમાં ડાયેટની યુટ્યુબ ચેનલ, ડાયેટની વેબસાઇટ, Innovation Fair, ગૃપ શાળા મોનીટરીંગ, જ્ઞાનકુંજ 3.0 DIKSHA કોર્ષ, ભાષાના કાવ્યોની રેકોર્ડીંગ, લાઇટહાઉસ શાળા,જિલ્લાની તમામ D.EL.ED.-B.Ed. કોલેજોનો સંયુક્ત પ્રવેશોત્સવ અને ડાયેટ કેમ્પસની વિશેષતાઓ જેવા પ્રોગ્રામ - કાર્યોની સરાહના કલેક્ટરશ્રીએ કરી ડાયેટને અભિનંદન પાઠવેલ.
- આગામી નાણાકીય બજેટની રજૂઆત થયેલ. જેને સૌએ બહાલી આપેલ.
- માન. કલેક્ટરશ્રી દ્વારા આ બેઠકમાં કેટલાક સૂચનો પણ કરેલ, જેને અમલમાં લાવવા પ્રાચાર્યશ્રી દ્વારા ખાતરી આપવામાં આવેલ.
- સમગ્ર સંકલન વિમલ યુ. દંગી દ્વારા કરવામાં આવેલ.
- **ગૃપ શાળા મોનીટરીંગ ટીમ :**
- ડાયેટ સુરેન્દ્રનગર - જિલ્લા શિક્ષણ સમિતિ અને સમગ્ર શિક્ષાના સંયુક્ત ઉપક્રમે ચાર તાલુકાની ૧૦૫ પ્રાથમિક શાળાઓનું ગૃપ મોનીટરીંગ થયેલ.
- જેમાં શિક્ષણ સમિતિના ચેરમેનશ્રી, ડાયેટ પ્રાચાર્ય, DPEO, ડાયેટ લેકચરર, TPEOs, BRCs, CRCs અને BRPs જોડાય છે. જેમાં સવારે શાળાઓના રૂટની ફાળવણી કરવામાં આવે છે. સાંજે બે કલાક તમામ મોનીટરીંગ ટીમના સભ્યો દ્વારા શાળા મુલાકાતની સમીક્ષા કરી તાલુકાની શાળાઓને માર્ગદર્શન અને હેન્ડ હોલ્ડીંગ કરવામાં આવેલ. સાથોસાથ જે શાળા અને શિક્ષકો ઉત્તમ કામ કરે છે તેની કામગીરીને બિરદાવવામાં આવે છે. સમગ્ર સંકલન પ્રાચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ તમામ BRCના માધ્યમથી વિમલ યુ. દંગી દ્વારા કરવામાં આવેલ.

દિવ્ય ભાસ્કર **સુરેન્દ્રનગર** 20-10-2023

## એજ્યુકેશન લ ઇનોવેશન ફેર જશાપર બી આર સી ભવન ખાતે યોજાઈ ગયો




**મૂળી ભાસ્કર** । મૂળી તાલુકાનાં જશાપર ગામે આવેલ બી આર સી ભવન ખાતે એજ્યુકેશનલ ઈનોવેશન ફેર ત્રિદિવસીય જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા આયોજન કરાયુ હતુ. જેને પ્રાચાર્ય ડૉ.સી.ટી.ટુંડીયા, શિક્ષણાધિકારી કે.એન.બારોટ, વિવિધ જીલ્લા સંઘના હોદ્દેદારોએ ખુલ્લો મુકયો હતો. જેમાં પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાના 40 ઈનોવેટીવ શિક્ષકોએ અને ૩ લાઈટ હાઉસ શાળાએ ભાગ લીધો હતો. તથા જીલ્લાના 10 તાલુકાના 550 શિક્ષકોએ મુલાકાત લીધી હતી. રાષ્ટ્રપતિ વિજેતા મહિપાલસિંહ જેતાવત, પ્રેમની પરબના ડાયરેક્ટર ચંદ્રકાન્તભાઈ વ્યાસ દ્વારા શિક્ષણ અંગેના વ્યાખ્યાન યોજાયા હતા.ઈનોવેશન ફેરમાં જીલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન ઈલાબેન સંઘાણી દ્વારા શિક્ષકોને પ્રેરણાત્મક વ્યાખ્યાન.. મહેમાનઓએ ઈનોવેટીવ શિક્ષકોને શિલ્ડ મોમેન્ટો અને પ્રમાણપત્ર આપીને બિરદાવ્યા હતા.

## ઝાલાવાડના ૫૦૦થી વધુ શિક્ષકોએ ઈનોવેશન ફેરની મુલાકાત લીધી

**જસાપર ગામે જિલ્લાકક્ષાના ત્રિ-દિવસીય ઈનોવેશન ફેરનું આયોજન કરાયું**

। સુરેન્દ્રનગર । (બ્યુરો)

મૂળી તાલુકાના જશાપર ગામે આવેલ શાળા ખાતે ત્રિ-દિવસીય ઈનોવેશન ફેસ્ટીવલનું આયોજન કરાયુ હતુ. જેમાં ઝાલાવાડની વિવિધ શાળાઓના ૫૦૦થી વધુ શિક્ષકોએ મુલાકાત લઈ શિક્ષણ ક્ષેત્રે આમુલ પરિવર્તન આવે તે બાબતે જાણકારી મેળવી હતી.



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરીષદ, ગાંધીનગર પ્રેરીત જિલ્લા શિક્ષણ સમીતી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન તથા બીઆરસી ભવન મુળી દ્વારા જસાપર ગામે જિલ્લાકક્ષાના નવમા ત્રિ-દિવસીય એજયુકેશન ઈનોવેરશન ફેરનું આયોજન કરાયુ હતુ. ડાયેટના પ્રાચાર્ય ડો. સી.ટી.ટુંડીયા, જિલ્લા શિક્ષણાધીકારી કે.એન.બારોટ સહિતનાઓ ઉપસ્થીત રહ્યા હતા. ઈનોવેશન ફેરમાં ઈનોવેટીવ શિક્ષક તરીકે પસંદગી પામેલા ૪૦ શિક્ષકો ઉપરાંત ૩ લાઈટ હાઉસ શાળાઓએ ભાગ લીધો હતો. જેમાં શિક્ષકોના ઈનોવેશનની પુસ્તીકા નવોત્થાનનું વિમોચન કરાયુ હતુ. જયારે ઈકો કલબ અને સારા કેમ્પસ ધરાવતી લાઈટ હાઉસ શાળાઓ ટીડાણા, સરોડી અને નવગામની શાળાના આચાર્યોનું શીલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માન કરાયુ હતુ. ત્રણ દિવસના આ ફેરની જિલ્લાના અંદાજે ૫૦૦થી વધુ શિક્ષકોએ મુલાકાત લીધી હતી. આ કાર્યક્રમ દરમીયાન ટીડાણા શાળાના આચાર્ય મહિપાલસિંહ જેતાવત, પ્રેમની પરબના ડાયરેકટર સી. કે.વ્યાસ સહિતનાઓએ શિક્ષણ સબંધીત વ્યાખ્યાનો રજૂ કર્યા હતા.

દર વર્ષે ૨૬ નવેમ્બરના દિવસને ભારતમાં બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસને નેશનલ લો દિવસ સ્વરૂપે પણ ઓળખવામાં આવે છે. આ દિવસે વર્ષ ૧૯૪૯માં ભારતની બંધારણ સભાએ ભારતના બંધારણને સ્વીકાર્યું હતું જે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે અમલી બનાવવામાં આવ્યું હતું.

**બંધારણનો ઈતિહાસ :**

૨૬ નવેમ્બરના દિવસે ભારતની બંધારણને સ્વીકાર્યું જે વર્ષ ૧૯૫૦થી અમલી બનાવવામાં આવ્યું હતું. ૧૯ નવેમ્બર ૨૦૧૫ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયે નાગરિકો વચ્ચે બંધારણના મૂલ્યોને પ્રોત્સાહિત કરવા માટે ભારત સરકાર દ્વારા દર વર્ષે ૨૬ નવેમ્બરના રોજ 'બંધારણ દિવસ' તરીકે મનાવવાનો નિર્ણય કર્યો હતો.

**બંધારણ દિવસનું મહત્વ :**

ડૉ. બી.આર.આંબેડકર એક પ્રસિધ્ધ સમાજ સુધારક, રાજકારણી અને ન્યાયશાસ્ત્રી હતાં અને તેમણે ભારતીય બંધારણના જનક પણ કહેવામાં આવે છે. તેમને ૨૯ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ બંધારણ ડ્રાફ્ટ સમિતિના અધ્યક્ષ તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી હતી. ડૉ. આંબેડકર ભારતીય બંધારણનો ડ્રાફ્ટ તૈયાર કરનાર વ્યક્તિ હતા અને વર્ષ ૨૦૧૫માં આંબેડકરની ૧૨૫મી જ્યંતિ હતી. ભારતના બંધારણ દિવસનો ઉદેશ્ય ભારતીય બંધારણ અને તેના ઘડવૈયા ડૉ. બી.આર.આંબેડકરના મહત્વ વિશે લોકોમાં જાગરૂકતા લાવવાનો છે. આ દિવસ મનાવવાની ઘોષણા ૧૧ ઓક્ટોબર ૨૦૧૫માં કરવામાં આવી.

**ભારતનું બંધારણ શું છે ?**

બંધારણ ભારત સરકારના લેખિત સિદ્ધાંતો અને ઉદાહરણોનો એક સમૂહ છે જે મૂળભૂત રાજનૈતિક સિદ્ધંતો, પ્રક્રિયાઓ, અધિકારો, નિર્દેશ સિદ્ધાંતો, પ્રતિબંધો અને સરકાર અને દેશના નાગરિકોની ફરજોને દર્શાવે છે.

બંધારણ ભારતને એક સાર્વભૌમ, ધર્મનિરપેક્ષ, સમાજવાદી અને લોકશાહી ગણરાજ્ય જાહેર કરે છે અને પોતાના નાગરિકોની સમાનતા, સ્વતંત્રતા અને ન્યાયની ખાતરી આપે છે.

**ભારતીય બંધારણની રસપ્રદ બાબતો :**

વર્ષ ૨૦૧૫માં ૨૬ નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ એટલાં માટે પણ ખાસ છે કારણ કે આ વર્ષે બંધારણના ઘડવૈયા ડૉ.

ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી.

ભારતીય બંધારણ વિશ્વનું સૌથી લાંબુ લેખિત બંધારણ માનવામાં આવે છે. આમાં ઘણાં દેશોનું બંધારણ અપનાવવામાં આવ્યું છે, તેથી તેને 'બેગ ઓફ બોરોઇન્ગ્સ' પણ કહેવામાં આવે છે, તેથી તેને ઘણા ભાગો યુકે, યુએસએ, જર્મની, આર્યલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા અને જાપાનના બંધારણમાંથી લેવામાં આવ્યા હતાં.

ભારતીય બંધારણમાં મૂળભૂત અધિકારો, નાગરિકોની ફરજો, સરકારની ભૂમિકા, પ્રધાનમંત્રી, રાષ્ટ્રપતિ, રાજ્યપાલ અને મુખ્યમંત્રીની સત્તાઓનો પણ ઉલ્લેખ છે.

બંધારણની મૂળ નકલો ટાઇપ કે પ્રિન્ટ કરવામાં આવી ન હતી. તે પ્રેમનારાયણ રાયજાદા દ્વારા હસ્તલિખિત હતી. બંધારણ સુલેખન દ્વારા ઇટાલિક અક્ષરોમાં લખાયેલું છે.

બંધારણની મૂળ નકલ ૧૬ ઇંચ પહોળી છે તે ૨૨ ઇંચ લાંબી ચર્મપત્ર શીટ પર લખવામાં આવ્યું છે. તેમાં કુલ પેજ ૨૫૧ છે. સમગ્ર બંધારણને તૈયાર કરવામાં ૨ વર્ષ, ૧૧ મહિના અને ૧૮ દિવસનો સમય લાગ્યો હતો. તે ૨૬ જાન્યુઆરી ૧૯૫૦નાં રોજ અમલમાં આવ્યું હતું.

બંધારણની મૂળ નકલ હિન્દી અને અંગ્રજી બંને ભાષાઓમાં લખવામાં આવી હતી. ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ નાં રોજ બંધારણ સભામાં તેના પર ૨૪૮ સભ્યોએ હસ્તાક્ષર કર્યા હતા. જેમાંથી ૧૫ મહિલાઓ હતી.

ભારતીય બંધારણમાં ૩૯૫ કલમો, ૨૨ વિભાગો અને ૮ અનુસૂચિઓ છે. જો કે હાલમાં આપણા બંધારણમાં ૪૭૦ કલમો, ૨૫ વિભાગો અને ૧૨ અનુસૂચિઓ તેમજ ૫ પરિશિષ્ટ છે.

બંધારણમાં કુલ ૧૪૫૦૦૦ શબ્દો છે. તેને અંતિમ સ્વરૂપ આપતાં પેહેલા માં ૨૦૦ થી વધુ સુધારા કરવામાં આવ્યા હતાં.

ભારતીય બંધારણનું મૂળ માળખું ભારત સરકારના અધિનિયમ, ૧૯૩૫ પર આધારિત છે.

ડૉ. ભીમરાવ આંબેડકરને ભારતીય બંધારણના નિર્માતા કહેવામાં આવે છે. ભારતના પ્રથમ કાયદા મંત્રી ડૉ. આંબેડકર બંધારણની ખરાડા સમિતિના અધ્યક્ષ પણ હતાં.

**કૌશિકકુમાર પી. પ્રજાપતિ**
**મુખ્ય શિક્ષક** (HTAT) SRG-SS
**શ્રી વસાડવા પ્રા. શાળા, તા. ધ્રાંગધ્રા**

**બાળકની ફૂડ ચોઇસ અને હેબિટથી પરેશાન ? હવે શિયાળામાં દૂર કરો હેલ્થના સૌ શેતાન.**

હેલ્ધી ફૂડ રેસિપી મેળવી સરળ છે પણ બાળકોમાં ઘરના ભોજનની આદત કેળવવી એ એક માતા માટે પડકાર રૂપ હોય છે. તેના માટે સ્કૂલના ટીચર્સ સાથે ચર્ચા કરીને પણ પોતાના બાળકની ફૂડ પેટર્ન ચેન્જ કરી શકાય. સોસાયટીની ચુગલીઓ હોય કે કીટી પાર્ટીની ગોસીપ્સ ચાઇલ્ડ ફૂડ હેબિટના ટોપિક પર ગેમ કે ડિબેટ રાખી નવી નવી રેસિપી અને ટેક્નિક શીખી શકાય. વાનગીઓ બાળક માટે ક્યારેક સરપ્રાઇઝ પણ રાખવી જોઇએ. તેમની બર્થડે પાર્ટીમાં એકાદ ડીશ ઘરની બનાવેલી જોઇએ. બાળકને રજાના દિવસોમાં શાકભાજી લેવા લઇ જાવ. રસોઇ બનાવતી વખતે વાત વાતમાં રસોઇની કોઇ એક ટિપ્સ અથવા તેને લાગતો કોઇ પ્રસંગ કહો. બાળકને રસોઇમાં સહભાગી બનાવો.

બાળકને પીરસવામાં સહભાગી બનાવો જેતી રસોઇની સુગંધનો લાળગ્રંથી જાગૃત કરવાનો ગુણ કાર્યરત થશે. બીજું તને બરાબર ભૂખ હોય ત્યારે જ જમવા આપો.

સાવ નાનું બાળક હોય અને કલર જોઇને જ ખાતું પીતું હોય તો ગેસ્ટને ફેન્ટા આપો ત્યારે તે જ ગ્લાસ કે બોટલમાં બાળકને હળદર વાળુ દૂધ આપો અથવા સ્પ્રાઇટની બોટલમાં દૂધીનો રસ આપો જેથી બીજા લોકો પીવે છે એવા વાદમાં તે પી જશે. એટલીસ્ટ થોડું તો પીશે આથી ધીમે ધીમે તેનો ટેસ્ટ ડેવલોપ થશે.

એક મમ્મી ધારે તો બાળકની આદતને સાચો વળાંક આપી શકે છે. આ કામ દોઢ થી તેર કે ચૌદ વર્ષના બાળકો સુધી જો અમલમાં મુકાય તો જંકફૂડ હેબિટના ફેલાવાને રોકી શકાય. એકવાર ટીન એજમાં એ પ્રવેશી જાય પછી હોર્મોન્સની અફડાતફડીમાં તેને ડાયવર્ટ કરવું અઘરું થઇ જાય છે.

આજકાલ મોટાભાગની મમ્મી વર્કિંગ વુમન હોય છે. પોતાના કાળજાના કટકા માટે જ તો કામ કરે છે. તો એના ખોરાક માટે વહેલા ઉઠી પોતાના રૂટિનમાં કંઇક સ્કિપ કરવું પડે તો ચાલે પણ પોતાના બાળકને સુપિરિયર લાઇફ આપવા માટે સતત મથતી હોય છે. વર્કિંગ ટાઇમમાં પણ પોતાના સંતાનનો ફોન આવે તો મમ્મી એક આ પ્રશ્ન તો પૂછે જ કે શું જમ્યો ? કેટલું જમી ? ટિફિન ભાવ્યું ? લંચબોક્સમાં કંઇ પાછું નહિ લાવવાનું હો!! મમ્મીને સૌથી વધુ ટેંશન એનું જ હોય જો એનું બાળક ભૂખ્યું હોય અથવા તો બરાબર જમતું ન હોય.

આજકાલ દરેક હાયપર કેરિંગ મમ્મીઓની એક જ ચિંતા છે કે મારા લાડકાં સંતાનને હું એવું શું શું ખવડાવી દઉં જેથી એ હેલ્ધી બને, બીમારીથી દૂર રહે, તાકાતવાન બને. ખરું ને ?

મમ્મીઓ એવં વિચારે કે મારું બાળક ભૂખ્યું રહે એના કરતાં જે ખાય તે પેટમાં તો પડશે અને આમ વિચારીને કંઇ પણ ખવડાવી દેવાની છૂટ આપતી મમ્મીના બાળકો થોડા વર્ષોમાં ઘરના ખોરાકથી દૂર ભાગે છે. અને એ તો સ્વાભાવિક છે કે બાળકોને બહારનું ટેસ્ટી પણ અનહેલ્ધી ફૂડ વધુ આકર્ષે છે. ઘણા બાળકોની જીદ પણ તેમના પેરેન્ટ્સ બહારના

ભોજનની લાલચ આપે તો જ પુરી થતી હોય છે. અથવા પેરેન્ટ્સ ન પોતાની વાત મનાવવા બહારના ફૂડની લાલચ આપી તેમની આદતોને કેળવે છે. એ જ આદતો ભવિષ્યમાં હાઇપર ટેંશન, ઓબેસીટી જેવા રોગોને નિમંત્રણ આપે છે.

જો તમારું બાળક અને તમે આવું જ કંઇક અનુભવો છો તો આ રહ્યા ઉપાય. આજકાલ ફૂડ રેસિપી તો ફેસબુક, ગુગલ, યુ ટ્યુબમાં સરળતાથી મળી જાય છે. પણ એ રેસિપીને બનાવવામાં થયેલ માથાકૂટ મજામાં ત્યારે પરિણામે જ્યારે બાળક એ હોંશે હોંશે ખાય. પણ ઘણીવાર એવું થાય કે તમે બનાવેલ ડીશ બાળક ટેસ્ટ જ ન કરે કારણકે એને જોઇને જ તેને એમ થાય કે આ નહિ ભાવે અથવા આ ખાઇશ તો મજા નહિ આવે. આથી બાળકોને વાનગીઓ જોઇને ખાવાનું મન થાય તેવી રીતે ગાર્નિશ કરેલી ડીશ તેમને આકર્ષે છે. બીજું એ કે મમ્મી પપ્પા કે કોઇપણ જ્યારે એને નવી ડીશ ટ્રાય કરાવે છે ત્યારે કોઇ રમત રમતા રમતા કોઇ શર્ત કે ગિફ્ટની ટેકનિક અપનાવે તો પણ બાળક તેને ટેસ્ટ કરશે.

૮ વર્ષના રાજને મંચુરિયન ડ્રાય અતિ પ્રિય છે પણ મમ્મીએ ઘરે મલ્ટી ગ્રેઇન મુઠીયા બનાવ્યા છે તે તેને ભાવતા નથી. તો એવા સમયે એક વાર મંચુરિયન એકવાર મમ્મીનું ઘરેબનાવેલ હેલ્ધી મુઠીયું એવી કોઇ ડીલ માટે હેલીને એગ્રી કરી શકાય.

૯ વર્ષનો નિશાંત બ્રાઉની અને કેક તો હોંશે હોંશે ખાઇ લે છે પણ ગાયના ઘીની ઘરે બનાવેલ સુખડી ખાવામાં તે બહાના બતાવે છે એવા સમયે મમ્મી પપ્પા અને નિશાંત સાથે મળી એકબીજાને ખવડાવે એવી કોઇ રમતથી તેને સુખડી ખાવાની શરૂઆત કરાવી શકાય.

૧૦ વર્ષના માહિરને વડાપાંવ કે પિત્ઝા આપો તો તમે કહો એમ કરે પણ જો તમારે તેને બાજરીનો રોટલો ખવડાવવો હોય તો એ કહે એમ તમારે કરવું પડે. આવા સમયે મમ્મી રોટલા કે ભાખરી પિત્ઝા જેવી કોઇ રેસિપી ટ્રાય કરે તો માહિરનો મોહ છોડાવી શકે.

૯ વર્ષની સમાયરાના ક્લાસ ટીચરે હેલ્ધી ફૂડ હેબિટ માટેનો પ્રોજેક્ટ આપ્યો છે પણ સમાયરાને ખબર જ નથી કે અનહેલ્ધી ફૂડથી નુકશાન શું થાય કારણ કે એણે જે માંગ્યું એ તેના ફાયદા કે ગેરફાયદા સમજાવ્યા વગર જ તેને ખાવા માટે આપવામાં આવ્યું છે. આથી જો તમારું બાળક સમજી શકે એમ હોય તો તેને ખોરાકની આદતો નિયમિતતા અને તેના લાભાલાભ જરૂર સમજાવો અને પછી હેલ્ધી ફૂડ હેબિટ શરુ કરો.

તો શિયાળામાં મળતા શાકભાજી અને ફ્રુટ્સનો ઉપયોગ બાળકને હેલ્ધી રાખવા માટે કઇ રીતે કરવો જોઇએ તે આપણે જોયું તમે આ ટિપ્સ ફોલો કરશો જ એ ખાતરી છે કારણ કે આખરે બચ્ચે કે ફ્યુચર કા સવાલ હૈ !!!

**– સંજ્ઞા આચાર્ય**

**આચાર્યા, રાજસીતાપુર પે સે. શાળા,**

**તા. ધ્રાંગધ્રા**

## ચંદ્રકાંત – સૌનો પ્યારો 'પ્રેમની પરબ'નો જલગરિયો

મંદિરમાં સેવા-પૂજા માટે બહારથી પાણી ભરી લાવવાની સેવા પ્રભુ-પ્રીતિ અર્થે કે અંતરની ઉલટથી સ્વીકારે કે અપનાવે તેને જલગરિયો કહે છે. શબ્દ 'જલ'નો જાણીતો અર્થ 'પાણી' થાય છે. અને ઓછા જાણીતો અર્થ 'તેજ' કે 'પ્રકાશ' થાય છે. આ અર્થમાં વિદ્યામંદિરમાં એટલે કે કોઇપણ સ્તરની શાળા-મહાશાળામાં પ્રેમની પ્રતિષ્ઠા કરીને તેનામાં તજોમય ચેતના રેલાવવા માટેની સેવા અપનાવનાર શિક્ષકને શોધવા એ હાલમાં તો અશક્ય તો નહી, પણ અઘરો પડકાર તો જરૂર છે. વળી આવું કામ પ્રાસંગિક ફરજ તરીકે અપનાવનારની આ વાત નથી, દાયકાઓ સુધી કહો કે જરૂર જણાયે જીવનભર જલગરિયાના જેવા ભક્તિભાવે કર્તવ્યનિષ્ઠા સાથે શૈક્ષણિક સેવા બજાવનાર શિક્ષક તો જ્વલ્લે જ હાથ લાગે !

હા, મળી આવે ક્યાંક, કોઇ ચંદ્રકાંત વ્યાસ જેવા વિદ્યાપ્રેમી જલગરિયા જેવા કે જેણે ગ્રામ્યવિસ્તારમાં ઊગતી પેઢીના સર્વાંગી વિકાસ અર્થે પોતાની જાત ખતવી નાખી છે.

નવમી મે, ૧૯૫૩ના દિને સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાના રણકાંઠાના, બ્રાહ્મણી નદી નજીક આવેલ ટીકર ગામમાં એમનો જન્મ થયો હતો. માતા લલિતાબહેન. તેઓ કોઇને કોઇ કામે જાતે જોતરાયેલાં જ હોય. આવનાર અજાણ્યા હોય તોયે આવકારે તેઓ પંચાણુ વરસે નાના પુત્રને ત્યાં છેલ્લા શ્વાસ લગી રહ્યા. પિતા કાશીરામભાઇએ વહેલેરી વિદાય લીધી. તેઓ સ્વભાવે પ્રામાણિક અને માયાળુ. લોકોમાં તેઓ 'બાબુ' કહેવાતા. કાશીરામભાઇ આસનસોલમાં બિલ્ડીંગ કોન્ટ્રાક્ટર હતા. સ્વાતંત્ર - આંદોલનના ગાળે ત્યાંથી નીકળીને સુરેન્દ્રનગર જિલ્લાના ટીકર ગામે મૂળ વતનમાં સપરિવાર પરત ફર્યા. સંયુક્ત પરિવારમાં ત્રીસ વ્યક્તિ ! તેમાં સૌથી નાનો ચંદ્રકાંત ગોરો, રૂપાળો, દુબળો નહીં પણ પાતળિયોને આછાબોલો છોકરો તે સૌનો પ્યારો ચંદ્રકાંત ! સૌ એને કહેતાય - 'નાનું' ! નાનુંને ગમતી રમત તે દડા-માર કે પકડ-દાવ નહીં; નિશાળ-નિશાળ !

પાંચ વરસ પૂરા થતા પોતાના ગામની જ નિશાળમાં હોંશે હોંશે ભણવા માંડ્યું. યાદશક્તિ સારી. અક્ષરો સુંદર. ભણવામાં હોંશિયાર. શિક્ષકો મારકણાં નહોતા. શાળાના આચાર્ય પ્રેમજીભાઇ પ્રજાપતિ કોઇ શિક્ષક કે વિદ્યાર્થી દ્વારા થયેલાં સારાં કામને અચૂક વખાણે. તેમનો ગુણિયલ વ્યવહાર નાનકડાં નાનુંને અંતરે વસી ગયો !

ટીકરમાં હાઇસ્કૂલ પણ હતી. અહીં અભ્યાસ ઉપરાંત સહ-અભ્યાસ પ્રવૃત્તિઓમાં નાનુંની નેતૃત્વશક્તિ ઝળકવા લાગી હતી. આચાર્ય ગજ્જરસાહેબ અને શિક્ષકો પણ તેને પ્રત્સાહન આપતા પિતાજીએ તો વહેલેરી 'વિદાય' લઇ લીધી હતી. અંગ્રેજીના શિક્ષક હર્ષદરાય રાવલ તો નાનુંને અને હવે ચંદ્રકાંતને પુત્રવત માનતા. તેમણે પોતાની અંતિમ

ઘડીએ છેલ્લા શ્વાસ લેતી વખતે વહાલા શિષ્યને યાદ કરીને મંદ અવાજે કહ્યું - 'ચંદ્રકાંતને બોલાવો ને !' એક નિવૃત્ત શિક્ષકના હૃદયમાં વિદ્યાર્થી સચવાયેલો રહે તે પ્રસંગ ચંદ્રકાંત માટે સફળ શિક્ષકત્વની સ્થાયી પ્રેરણારૂપ બની રહ્યો !

શિક્ષકોની પ્રેરણા અને પોતાના પુરષાર્થ તેમજ વિદ્યાનિષ્ઠા થકી ચંદ્રકાંત વ્યાસ એસ.એસ.સી. પરીક્ષામાં જિલ્લામાં સર્વપ્રથમ ક્રમે પાસ થયા ! એ સૌમાં કેવળ કુટુંબને જ ખ્યાલ હતો કે પરીક્ષા માટે ફી ભરવા માટેની રકમની જોગવાઇ કરવા માટે માતા લલિતાબહેને પોતાના કાને પહેરેલી છેલ્લી સોનાની બુટી કાઢીને પુત્રને આપી હતી અને ઉપરાંત ચંદ્રકાંતે કોઇને ઘેર રંગકામ કરવાની મજૂરી કરી હતી !

ચંદ્રકાંતને એસ.એસ.સી. પરીક્ષામાં ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી જેવા વિષયોમાં વિશેષ ઊંચા ગુણ મેળવેલ હતા તેથી સાયન્સ કૉલેજમાં પ્રવેશ મેળવીને ડૉક્ટર થવાને પૂરો અવકાશ હતો પરંતુ પરિવાર હવે વધુ અભ્યાસ કરવાનો ખર્ચ ખમી શકે તેમ ન હોતો તેથી, પોતે ભણ્યા હતા તે હાઇસ્કૂલમાં તેમને મળતી જુનીયર ક્લાર્ક તરીકેની નોકરી સ્વીકારી લીધી અને એ જગ્યાએ એકધારી નવ વરસ સુધી નોકરી કરી. તેમનાં લગ્ન ગીતાદેવી સાથે થયા. ગૃહસ્થ ચંદ્રકાંતભાઇને શાળા સમય પછી વધુ આગળ અભ્યાસ માટે સમય મળે તેમ હતું. વ્યવહારુ અને કાર્યદક્ષ પત્નીએ તેમને તેમના અભ્યાસ અર્થે મુક્ત રાખ્યા. આથી ઉચ્ચ અભ્યાસપ્રેમી ચંદ્રકાંતે કોલેજિયન થયા વિના બી.એ., એમ.એ., બી.એડ્., પ્રાકૃતિક ચિકિત્સક તરીકેનું પ્રમાણપત્ર તેમજ એન.ડી.ની પદવી અને એમ.ફિલ. જેવી પદવીઓ પ્રાપ્ત કરી. એમ.ફિલ. કક્ષાનો અભ્યાસ કેટલાક વરસો પછી ગુજરાત વિદ્યાપીઠમાં કર્યો. એ માટેનો મહાનિબંધ તૈયાર કરતી વખતે એમના ગાઇડ (માર્ગદર્શક) હતા. ડૉ. ચંદ્રકાંત વ્યાસ, અગ્રણી સર્જક અને સમીક્ષક, એમનો વિદ્યાનિષ્ઠ શિષ્ય ચંદ્રકાંતભાઇ શેઠ માટેનો ઉદ્ગાર જાણવા જેવો છે : 'અધ્યાપક કે શિક્ષકનું ખરું સદ્ભાગ્ય તે એને સંનિષ્ઠ વિદ્યાર્થી મળે એ છે. મને મારી અધ્યાપનની કામગીરી દરમિયાન જે કેટલાક સંનિષ્ઠ વિદ્યાર્થીઓ મળ્યા તેઓમાંના એક તે ભાઇ ચંદ્રકાંતભાઇ વ્યાસ.'

પોતાના જીવનની સાર્થકતા અંગે જાગૃત ચંદ્રકાંતભાઇએ હવે કારકુન તરીકેની જવાબદારીમાંથી મુક્ત થઇને ટીકર બહાર શિક્ષણકાર્ય કરવા ઇચ્છયું. હવે આમ બિનઅનુભવી પણ શૈક્ષણિક સૂઝ-સમજથી સજ્જ આ પંખીને વિદ્યાગગનમાં વિહરવું હતું. બરાબર તે ગાળે ધજાળાના ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં અંગ્રેજી વિષયના શિક્ષક માટેની જાહેરાત વાંચીને તેઓ ત્યાં રૂબરૂ મળવા પહોંચ્યા. ટૂંકાટચ ઇન્ટરવ્યૂ પછી તેમને નિમણૂંક-પત્ર અપાયો. આ પછી તેઓ પોતાના પરિવાર સાથે ધજાળા આવી રહ્યા.

(૧૯૮૧-૧૯૯૭) આરંભે શિક્ષક અને વખત જતાં આચાર્ય તરીકેના પદભારને ન્યાય આપી શકેલા. ધજાળામાં ૧૬ વરસ અને વચ્ચે ત્યાંથી સાત કિ.મી. દૂરના ગામ ધાંધલપુરમાં એક વરસ (૧૯૯૪) વિદ્યાલયોમાં કાર્યરત રહ્યા તે દરમિયાન તેમના શિક્ષણ અને કાર્ય-પ્રભાવે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થવા માંડ્યો હતો. બંને ગામોમાં વાલીઓનો સહયોગ વિકસ્યો હતો. સંચાલકો તેમના આગમન થકી પોતે ન્યાલ થઇ ગયા હોવાનો ભાવ અનુભવતા હતા. આનાં કારણોમાં કારણ એટું જ એમની વહીવટીદક્ષતા પરિણામદાયી સિદ્ધ થતી હતી. ધજાળાની શાળા માટે હાયર સેકન્ડરી વિભાગની મંજૂરી ગાંધીનગર કચેરીમાં અધિકારી પાસે રૂબરૂ જઇને મેળવી આવ્યા. કેટલાક ગામડાંઓમાં નવી શાળાઓ શરૂ કરવા માટે સરકારમાં રજૂઆત કરવા જવા માટે સરપંચ કે ટ્રસ્ટી સાથે રહેતા.

શિક્ષક તરીકે વર્ગમાં જતાં વર્ગમાં તાજગીનો માહોલ સરજાઇ જતો. એમના વિષયો ગુજરાતી-અંગ્રેજી પણ ગણિત-વિજ્ઞાન ઉપરાંત મનોવિજ્ઞાન-કૃષિશાસ્ત્ર પણ શિખવે ! કલાક્ષેત્રે ચિત્ર-સંગીત-મુર્તિ-રસોઇ -યોગ-વકૃત્વ-સુલેખન-સાહિત્ય-સર્જન-બાંધકામ-વાર્તાકથન-વાજિંત્ર, તબલા વાદન -વૈદિક કહોને, સબ બંદર કે વેપારી / અને શિબિર-સભા-રેલી યુવાઉત્સવનાં આયોજન, સંચાલન ઉમંગ, આનંદ અને શિસ્તભેર સંપન્ન થાય.

આ અને આવી જ રીતરસમ સાથે એક વરસ ધાંધલપુર સુગંધસભર સેવાઓ આપી હતી અને પાસ તો શાળાના તંત્રને પાટે ચડાવી દીધું હતું.

આ પછી ચંદ્રકાંતભાઇએ વઢવાણ મુકામે મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત અને 'ઘરશાળા' સંચાલિત વિનય મંદિર હાઇસ્કૂલમાં આઠેક વરસ આચાર્યપદે સેવાઓ આપી. એ સમયમાં યોજાતા ગાંધી મેળાના કન્વીનર તરીકે ગાંધીમય થઇ જતા કે કેટલાય પત્રોના સરનામામાં ચંદ્રકાંત વ્યાસને બદલે ચંદ્રકાંત ગાંધી લખાઇને આવતું !

કળા કરતી વેળાએ મોર જેમ પોતાના પ્રત્યેક પીંછાં પર રંગની રમ્યતા ચમકાવી દે છે તેમ અહીં પણ ચંદ્રકાંતભાઇએ પોતાના તમામ કૌશલ્યોને કાર્યરત રાખીને શાળાને એવો તો આકર્ષક ઓપ આપ્યો કે આપણા 'મોર'નાં માંગા આવવા માંડ્યા. સુરેન્દ્રનગરની અન્ય પ્રતિષ્ઠિત શાળાના ટ્રસ્ટીઓએ વધુ પગારની ઓફર કરીને પોતાની શાળા સંધારવા સમજાવવા માંડ્યા; પણ આ પ્રકારની વાતો થતી વખતે ચંદ્રકાંતભાઇએ પગારની રકમને નહીં પણ વઢવાણના વિનય મંદિરમાં જામેલા માહોલમાં મળતા જોબ સેટીસ્ફેક્શન (કાર્ય સંતોષ)ના આનંદને મહામૂલો માન્યો. શાળામાં યોજેલ સહ-અભ્યાસ પ્રવૃત્તિ વખતે વહીવટી કામોમાં લપાઇ જવાને બદલે અનુકૂળતા કરીને એમાં

પણ સૌ સાથે રહે. સૂતેલા પરિવારને ખલેલ પહોંચાડ્યા વગર વહેલી સવારે છ વાગ્યે તૈયાર થઇને હાથમાં સાવરણો લઇને વિદ્યાર્થી-ટુકડી સાથે મહાસફાઇ કાર્યક્રમમાં લાગી જાય ! અને વહીવટી બાબતે પણ છેલ્લામાં છેલ્લા સરકારી પરિપત્રો અને નીતિથી વાકેફ રહે. ગમે તેવી વહીવટી ગૂંચોનો ઊકેલ એમને જડી જાય અને અન્ય શાળાઓને પણ તેનો લાભ આપે. પોતાના સમયને વ્યર્થ પસાર ન થવા દે તેથી સામે આવી પડેલ કામોને નીપટાવી શકે.

સરકારી યોજનાને અપનાવીને સુરેન્દ્રનગર, વઢવાણની પચાસ માધ્યમિક શાળાઓનું વિકાસ-સંકુલ રચ્યું અને સહિયારા સાંસ્કૃતિક કાર્યક્રમો આપ્યા જે યાદગાર રહ્યા. આવું બીજી સર્જનાત્મક અને અતિ નિયમિત પ્રવૃત્તિ તે સામયિક 'સાયુજ્ય'નું સંપાદન, પ્રકાશન. વઢવાણમાં તેઓ આઠેક વરસ (૧૯૯૭-૨૦૦૫) કાર્યરત રહ્યા...

પણ અહીં હોવા દરમિયાન એક એવું કુદરતી કાળચક્ર ફરી વળ્યું (૨૦૦૧) કે તેને ફરતું રોકવાને સૌ નિરુપાય હતા. કાળચક્ર તે તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના થયેલા ધરતીકંપ ! એથી વેરાયેલ વિનાશ થકી કચ્છમાં સવિશેષ અને અન્યત્ર ઓછા-વધુ પ્રમાણમાં અનેક મકાનો ધરાશાયી થયાં; તેમાં પણ કાટમાળના ઢગલાઓમાં ફેરવાઇ ગયાં ! ક્ષુબ્ધ થઇ જવાય તેવી પરિસ્થિતિમાં જે જનહિતકારી સંસ્થાઓ રચનાત્મક અભિગમ સાથે જે તે સ્થળે આગળ આવી ઊભી તેમાં એક હતી સાયલા (જિ. સુરેન્દ્રનગર) મુકામેનો શ્રી રાજસૌભાગ આશ્રમ. એક વિશિષ્ટ તીર્થસ્થળ સમાન આ સંસ્થાનો ભલે અતિ સંક્ષિપ્ત પણ પરિચય કરવો જરૂરી છે કેમ કે આ લેખના ચરિત્રનાયક શ્રી ચંદ્રકાંત વ્યાસની એ કર્મભૂમિ છે :

આ આશ્રમની સ્થાપના (૧૯૭૬)નું શ્રેય શ્રી રાજસૌભાગ સત્સંગ મંડળને અને આશ્રમના આદ્ય સ્થાપક દીવંગત પૂ. લાડકચંદ માણેકચંદ વોરા (પૂ. બાપુજી)ને છે. આશ્રમ (આધ્યાત્મિક ધામ) લીંબડી અને ચોટીલાની વચ્ચે આવેલ સાયલામાં છે. તેનું સમગ્ર સંચાલન શ્રી નલીનભાઇ કોઠારી દ્વારા થઇ રહેલ છે. તેમનો નિર્દેશ સૌ 'પરમ પૂજ્ય ભાઇશ્રી' ના નામથી કરે છે. અન્ય લોકને જ નહીં જીવમાત્રને થતી પીડા જોઇને કે જાણીને તેઓ વ્યથા અનુભવે તેવા અને તેટલા સંવેદનાસભર છે. ઇસ્પિતાલો કે શાળાઓ જેવી જનહિતકારી સંસ્થાઓને બનતો ટેકો કરવા જેવા કાર્યોને પણ તેઓ અધ્યાત્મના ભાગરૂપ માને છે.

ધરતીકંપ થકી સાયલાના ગ્રામ વિસ્તારમાં આવેલી સરકારી શાળાઓનાં મકાનો ધ્વસ્ત થયેલ જોઇને અને જાણીને પૂ. ભાઇશ્રી અને તેમના સત્સંગમંડળના અંતરે ઊગ્યું કે થયું કે આ આપત્તિકાળમાં આપણાથી શક્ય તેટલા મદદરૂપ થવું જોઇએ. કર્યો ઠરાવ

અને આદર્યા પુનઃ નિર્માણ ! ૪૭ જેટલી શાળાઓની ઇમારતો ઊભી થઇ. વિદ્યાર્થીઓ-શિક્ષકો- સૌ કોઇના અંતરે દીવા ઝબૂક્યા પણ પૂજ્ય ભાઇશ્રીના અંતરે તો એક દૈવી ઝબકારો થયો : શાળાઓનાં નવા ને સુંદર મકાનો તો બની ગયાં પણ તેમાં ભણાવતા શિક્ષકો તેમના વિદ્યાર્થીઓમાં ગુણાત્મક વિકાસની ક્ષિતિજો વિસ્તારતા રહે અને તેમાં વાલીઓનો સહયોગ સંયોજાય તો જ વાવ્યું ને ઊગ્યું એમ મનાય !

શાળાઓના મકાનો લોકાપર્ણ નિમિત્તે થતી સભાઓમાં એમણે નવચેતના માટેની મશાલ હાથે ધરવાને કટિબદ્ધ થવા માટેનું આવું આહવાન તરતું મેલ્યું અને થોડા જ દિવસમાં એમના હાથમાં એક પોસ્ટકાર્ડ આવ્યું કે જેણે એમના અંતરના અત્તરના દીવા પેટાવી દીધા !

બહુ ઓછા શબ્દોમાં પણ મોતીના દાણા જેવા હસ્તાક્ષરે આપણા ચરિત્રનાયક ચંદ્રકાંતભાઇ વ્યાસે, 'પ્રેમની પરબ'ને પાટલે બેસવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. આ નાની જણાતી ઘટનાને પ.પૂ. ભાઇશ્રીએ 'દૈવી સંયોગ' માની છે તેમાં જરાયે અતિશયોક્તિ નથી ન નથી.

પોતાના જીવનને આવો રોમાંચક વળાંક આપતી વખતે ચંદ્રકાંતભાઇએ આવો એ વ્યવહારુ હકીકતને ગૌણ માની કે વઢવાણમાં પોતે બધી બાબતે સેટ થઇ ગયા છે; અહીં આદર સહિતનું આચાર્યપદ છે, નોકરીના માત્ર છ વરસ બાકી છે પછી વગર કામે પેન્સન, ચાલુ નોકરી તો સરકારી અને સલામત - આવું ગૂંચવી દે તેવી લલચામણી ગાણિતિક ગણતરીમાં અટવાયા વિના 'ઘરશાળા'ની હાઇસ્કૂલમાંથી રાજીનામું આપીને સાયલા જઇને બેઠા 'પ્રેમની પરબ'ને પાટલે !

હવે પ્રાથમિક શાળાઓનાં શિક્ષણમાં અપેક્ષિત સુધારણા કરવા ચંદ્રકાંતભાઇએ શિક્ષકોનો વ્યક્તિગતનો સભાસ્વરૂપે સંપર્ક કરવા માટે નવનિર્મિત ૪૭ અને પછી તો અન્ય નજીકના અવિકસિત તાલુકાઓનાં ગામડાંની શાળાઓ ભળતાં ૧૨૦ શાળાઓના શિક્ષકોનો સંપર્ક કરવા માંડ્યો. તેમને સમજ આપી કે શિક્ષકો ધારે તો જ શાળાઓની ગુણવત્તા સુધરે તેમ. તેઓ હોંશે ભળ્યા અને 'પ્રમની પરબ'ના કાર્યક્રમોમાં સહયોગ કરવા માંડ્યા. બાળકોનો ઢબુરાયેલો ઉત્સાહ ઉછળી રહ્યો. વાલીઓ અળગા ન રહ્યા. 'પરબ' દ્વારા આયોજિત ત્રિદિવસીય શિબિરોમાં ગુજરાતના અગ્રણી કેળવણીકારોએ ઉપસ્થિત રહીને આ પ્રયોગને અદ્‌ભુત ને ઇચ્છનીય લેખ્યો. કેટલાક સાહિત્યકારો પણ અત્રે પ્રેરક પ્રવચનો આપતા રહ્યા છે. શિબિરોમાં નીવડેલા શિક્ષકો અને વિશિષ્ટ શક્તિ ધરાવતા વિદ્યાર્થીઓનાં સન્માન થતાં. મનોરંજન અને મેદાની કાર્યક્રમો જામતા. એકંદરે 'પ્રેમની પરબ'માં શક્તિદાયક જળ દેનારા થાકતા નથી અને

પ્યાસા વિદ્યાપ્રેમીઓ વારંવાર તૃપ્ત થવા ઇચ્છયા કરે છે !

'પ્રેમની પરબ'ની સમાંતર સંસ્થા દ્વારા સાયલામાં સંચાલિત ગર્લ્સ હાઇસ્કૂલના આચાર્યપદને ચંદ્રકાંતભાઇએ ખૂબ જ જહેમત લઇને ગર્લ્સ હાસ્કૂલની કન્યાઓ બારમું ધોરણ પાસ કરીને તેથી ઉચ્ચ કક્ષાએ અભ્યાસ કરવા ઝંખતી હતી તેમને માટે આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ પણ શરૂ કરી અને તેનું આચાર્યપદ પણ સુપેરે સાર્થક કર્યુ છે.

ચંદ્રકાંતભાઇની શૈક્ષણિક સેવાઓ અને સિદ્ધિઓને મૂલવીને પાંચથી વધુ એવોર્ડ્સ વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓએ એનાયત કરેલ છે. તેઓએ વિનમ્રતાથી સ્વીકારીએ થોભી ગયા નથી, 'પરમ પૂજ્ય ભાઇશ્રી'ના સક્રિય અને સર્જનલક્ષી શુભાશિષ થકી આજે અડીખમ છે !

શ્રી ચંદ્રકાંત વ્યાસ પોતાના અખૂટ ધૈર્ય અને કાર્યસાતત્ય થકી સૌના પ્યારા હોવાનું સૌ કોઇ પ્રશંસે છે. પોતાની શૈક્ષણિક - વ્યવસાયિક કારકિર્દી દરમ્યાન તેમણે જે જે સંસ્થાઓમાં સેવાઓ આપી તેના ટ્રસ્ટીઓ, સંચાલકો, શિક્ષકો અને ખાસ તો વર્તમાન વિદ્યાર્થીઓ ઉપરાંત પૂર્વ વિદ્યાર્થીઓ અને વાલીઓ અને વિદ્યાપ્રેમીઓ - સૌના પ્યારા બની રહ્યા છે.

ભલેને સમય સમયનો પ્રભાવ પાથરે પણ એમણે જાતબંધુઓને માટે જે સંદેશો આપેલ છે તે વાંચીએ, વાગોળીએ અને વર્તનમાં આપનાવીએ તો પ્રેમની પરબનું જળ પામ્યાનલ સંતોષ થશે, થશે ને થશે !

'શિક્ષક બનવું એ સદ્ભાગ્યની વાત છે. જીવંત અસ્તિત્વને ઘડવાનું સૌભાગ્ય શિક્ષકને મળે છે. માતા-પિતા પછી (ક્યારેક તેનાથીય પહેલાં) શિક્ષકને સ્થાન હોય છે. બાળક બધું જ સમજે છે. પ્રેમની ભાષાને પ્રથમ સમજે છે. નિષ્ઠાનો આનંદ પૈસાથી મોટો છે. પૈસા-સંપત્તિથી ક્યારેય તૃપ્ત થવાતું નથી. પણ સત્કાર્ય તૃપ્તિનો આનંદ આપે છે. સારા વિચાર કરો. રોજ નવા બનો. સુંદર દેખાવ, સુંદર વિચાર, અનહદ પ્રેમ જીવનને સાર્થક કરશે. બાળકો સાથે નાના બનતાં આવડશે તો વૃદ્ધત્વ દૂર રહેશે. માની તાજગી અને પ્રસન્નતા જ સાચું સુખ છે.'

પોતાના જીવનમાં આવી તાજપને ટકાવી શકેલા નક્કર અને નીવડેલા શિક્ષકને ઝાઝેરી સલામ !

(સંપર્ક : ચંદ્રકાંત વ્યાસ, ૧૫-બી, શ્યામનગર, ૮૦-ફૂટ રોડ, વઢવાણ સીટી, જિ. સુરેન્દ્રનગર, મો. ૯૮૨૫૭૫૫૩૦૭)

**-ઇશ્વર પરમાર**

**દ્વારકા,**

**મો. ૯૪૨૭૨ ૮૪૭૪૨**

# ઈનોવેશન ફેસ્ટિવલ-૨૦૨૪


















## સુરેન્દ્રનગરનો ટાવર




સુરેન્દ્રનગર ગામના મસ્તક સમો
ઊભો છે ટાવર.
તેના ચાર પડખા કરે છે મદદ
લોકોને દિશાઓ નક્કી કરવામાં
સાથે સૂચવે છે દિશાઓની વિશેષતા.
તેની જમણી દિશાએ છે
નદી ઉપરનો પુલ.
સૂચવે છે તમારે બહાર જવું હોય તો
તમને સામેની વ્યક્તિ સાથે જોડવા
હું મદદ કરીશ.
ડાબી દિશા સૂચવે છે
ધમધમતા બે શહેર : ધ્રાંગધ્રા અને હળવદ.
પણ બહુ દૂર જશો નહિ
નહીંતર કચ્છના નાનાં રણમાં ફસાઇ જશો.
પૂર્વ દિશાએ વસે છે શહેરીજનો
તેમનાં હૃદયના ધબકારા નિયમિત છે
અને બધાં હેમખેમ છે.
પશ્ચિમ દિશા તમને નિયમાનુસાર
જીવન જીવવની મૂક સંદેશ આપે છે.
તેની એક આગવી વિશેષતા છે
તેની ચાર દિશાઓની ઘડિયાળમાં છે
જુદા જુદા સમય.
તે સંપૂર્ણ લોકશાહીમાં માને છે
સુરેન્દ્રનગરનો દરેક નાગરિક
પોતાને અનુકૂળ સમય પસંદ કરી શકે છે.
અને તે પ્રમાણે જીવી શકે છે.

**– રમેશ આચાર્ય**

**બુક-પોસ્ટ**

To ______________________________

______________________________

______________________________

**રવાના :** શ્રી ઝવેરચંદ મેઘાણી
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,** સુરેન્દ્રનગર